# જુડેગા ઇન્ડિયા – જીતેગા ઇન્ડિયા કાર્યક્રમ અહેવાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવુત્તિઓ વિભાગના પરિપત્ર ક્રમાંક :એસએજી/102022/1415/બ/2022 ના તા. 05/09/2022 ના પત્ર અન્વયે “Celebrating Unity through Sports” થીમ હેઠળ તા.12/09/2022 થી તા.16/09/2022 દરમ્યાન આગામી તા.29/09/2022 થી તા.12/10/2022 દરમ્યાન યોજાનાર “નેશનલ ગેમ્સ” અંગેની જાગૃતિ અભિયાન ‘‘એક્ષટેન્શન એક્ટીવીટી દ્વારા" તા. 14/09/2022 ના રોજ યુનિવર્સિટી પરિસરમાં “જુડેગા ઇન્ડિયા – જીતેગા ઇન્ડિયા” કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયજીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટીના તમામ નિયામકશ્રીઓ, અધ્યાપકશ્રીઓ તેમજ કર્મચારીઓ હાજર રહ્યાં હતાં. આ કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટી પરિસરના બોર્ડ રૂમ-2 ખાતે કરવામાં આવેલ હતો. જેમાં યુનિવર્સિટીના તમામ સભ્યોને નેશનલ ગેમ્સ પ્રત્યે જાગૃતિ લાવવા માટે શોર્ટ ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવેલ અને આ નેશનલ ગેમ્સમાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે સૌએ સાથે મળીને પ્રતિજ્ઞા લીધી હતી. ત્યારબાદ હાજર રહેલ વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા માટે તેમને નેશનલ ગેમ્સમાં જોડાવવાથી થતાં લાભ દર્શાવી તેની મહત્વતા વિશે ઊંડી સમજણ આપવામાં આવી. આ ઉપરાંત યુનિવર્સિટીના તમામ પ્રાદેશિક કેન્દ્રો/ અભ્યાસકેન્દ્રોને પણ નેશનલ ગેમ્સ પ્રત્યે જાગૃતિ લાવવા માટે કાર્યક્રમનું આયોજન કરવાનું કહ્યું. અભ્યાસકેન્દ્રો/ પ્રાદેશિક કેન્દ્રો પર પણ આ કાર્યક્રમનું આયોજન કરી નેશનલ ગેમ્સમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ જોડાય તે માટે પ્રયત્નો કરવામાં આવ્યાં અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં. સદર કાર્યક્રમનું આયોજન ડૉ. સોનલબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.



VISION&
MISSION




2022.09.15 11:03

2022.09.15 11:03


2022.09.15 11:03
